# રક્ષાબંધન સબબ પ્રેસ નોટ

પ્રજા અને પોલીસ વચ્ચેના સબંધો વધુ સારા અને સુદ્રઢ બનાવવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજયની સુચના મુજબ તેમજ પોલીસ કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસ દ્વારા સ્કુલો અને કોલેજોમાં તેમજ સ્થાનીક સંસ્થાઓમાં રક્ષાબંધનના તહેવારની ઉજવણીના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનો દ્વારા પોતપોતાના વિસ્તારોમાં રક્ષાબંધન તહેવારની ઉજવણીના કાર્યક્રમમાં સ્થાનીક આગેવાનો, સામાજીક કાર્યકરો, NGO, પોલીસના અધિકારી, કર્મચારીઓએ હર્ષોઉલ્હાસથી ભાગ લીધેલ.

પોલીસ મુખ્યમથક ખાતે રક્ષાબંધન નીમિત્તે કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ જેમા પોલીસ કમિશ્નરશ્રી અને અન્ય સીનીયર અધિકારેઓએ ભાગ લીધેલ. સ્ટુડન્ટ પોલીસ કેડેટની બહેનોએ તમામ ઉપસ્થીતોને રાખડી બાંધી આશીર્વચન આપેલ. કાર્યક્રમમાં ખુબજ મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ નાગરીકોએ ભાગ લીધેલ.

ટ્રાફીક શાખા તરફથી રક્ષાબંધન નિમિત્તે તહેવારની ઉજવણીનુ આયોજન કરવામાં આવેલ. આ સબંધે શહેરમાં ટ્રાફીકના નિયમોનો ભંગ કરનાર નાગરીકોને ટી.આર.બી.ની બહેનો તરફથી રાખડી બાંધી ટ્રાફીકના નિયમોનુ ઉલ્લંઘન નહીં કરવા બાબતેની સોંગંધ લેવાડાવેલ.

સવિશેષ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન તરફથી દિવ્યાંગો સાથે રક્ષાબંધનના તહેવારની ઉજવણીનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ જેનો ખુબ જ સારો પ્રતિસાદ મળેલ.

શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ રક્ષાબંધનના તહેવારના ઉજવણીના કાર્યક્રમમાં પ્રજા તરફથી ખુબ જ સારો સાથ અને સહકાર મળેલ તેમજ તમામે હર્ષોઉલ્હાસભેર કાર્યક્રમમાં ભાગ લીધેલ.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)